**વાહનની વેચાણ કીંમત નકકી કરવા બાબત.**

ક્રમાંક :ટેક્ષ/વાહનની કીંમત/વ્યાખ્યા/ઓન/ ૪૨૯૭
વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજય,
તારીખ: 6 JUL 2017.

-: પરિપત્ર :-

આથી ક્ષેત્રિય તમામ કચેરીઓમાં નવા નોંધણી માટે આવતા વાહનોમાં ડીલર ધ્વારા ઈસ્યુ કરવામાં આવતાં સેલ્સ ઈન્વોઈસમાં ઘણા ડીલરો ધ્વારા વાહનની કીંમતમાં અલગ અલગ રીતે ડીસ્કાઉન્ટ આપવામાં આવે છે. જેના કારણે વાહન વેરાની ગણત્રી કરવા માટે કઈ રકમ ધ્યાનમાં લેવી તે બાબતે ક્ષેત્રિય કચેરીઓમાંથી રજુઆતો અત્રે મળેલ છે. જે બાબતે વાણિજીયક વેરા કમિશ્નરશ્રીની કચેરી સાથે પત્ર વ્યવહાર કરતાં બંને ખાતામાં કીંમતની વ્યાખ્યા એક સમાન જણાઈ આવેલ છે. ગુજરાત મોટર વ્હીકલ ટેક્ષ એકટ,૧૯૫૮ ની કલમ- ૨(૧એ) મુજબ કીંમતની વ્યાખ્યા પ્રમાણે વેચાણ કીંમત એટલે ડીલર ધ્વારા ડીસ્કાઉન્ટ આપવામાં આવ્યું હોય તેવા કીસ્સામાં ડીસ્કાઉન્ટ બાદ કરતાં ડીલરે સ્વીકારેલ કીંમત કે જે સેલ ઈન્વોઈસમાં દર્શાવેલ હોય તે સેલપ્રાઈસ ગણવાની રહેશે તેમ છતાં કોઈ કીસ્સામાં વધારે પડતુ ડીસ્કાઉન્ટ આપવામાં આવેલ હોય તેવા કીસ્સામાં તપાસ તથા જરુરી અધિપ્રાય માટે જે તે જીલ્લાની વાણિજીયક વેરા કચેરીનો અભિપ્રાય મેળવીને તે કીંમત ઉપર મોટર વાહન વેરો વસુલ કરવાનું અત્રેથી ઠરાવવામાં આવેલ છે.

આ સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્રતિ,
(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી/ તમામ પ્રાદેશિક/ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી.
(૨) મોટર વાહન નિરીક્ષકશ્રી ચેકપોસ્ટ. તમામ.

Akhil Gujarat Truck Transport Association
R-31-7-17

:પુરબિયા:પરીપત્ર-૨૦૧૦:૧૫૦: